# ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી

## પ્રેસ નોંધ

તારીખ: 17-07-2021 / 7476

### વિષય: યુ. કે. માં કોરોના મહામારી બાદની પરિસ્થિતિ અંગેનો વેબિનાર

GCCI - NRG સેન્ટર, અમદાવાદમાં તા. 17 જુલાઈ, 2021ના રોજ " યુ. કે. માં કોરોના મહામારી બાદની પરિસ્થિતિ અંગેનો વેબિનાર" અંગે માહિતી માટેનો વેબિનાર યોજાયો હતો.

આ કાર્યક્રમનો મુખ્ય હેતુ કોવીડ-19 બાદ યુ. કે.માં વસતા તથા યુ. કે. જવા માટે ઇચ્છતા હોય તેમના માટે ત્યાંની સ્થિતિ વિષે માહિતગાર કરવાનો હતો. કાર્યક્રમના અતિથિ વિશેષ તરીકે સી. બી. પટેલ, પબ્લીશર-એડિટર, ગુજરાત સમાચાર & એશિયન વોઇસ- યુ.કે., શ્રી રોહિત વઢવાના, IFS. ફર્સ્ટ સેક્રેટરી(ઈકોનોમીક), હાઈ કમિશન ઓફ ઇન્ડિયા- લંડન- યુ.કે. તથા શ્રી કાંતિભાઈ નાગડા, પ્રોમીનેન્ટ ગુજરાતી બ્રિટિશર, લંડન-યુ.કે. ઓનલાઇન જોડાયા હતા.

કાર્યક્રમમાં સ્વાગત પ્રવચનમાં NRG સેન્ટર- અમદાવાદ ના ચેરમેન શ્રી દિગંત સોમપુરાએ મહેમાનો અને સભ્યોને આવકાર્યા હતા.

કાર્યક્રમના અતિથિ વિશેષ સી. બી. પટેલ તેમના વક્તવ્યમાં જણાવ્યું હતું કે બ્રિટન માં આશરે 20લાખ જેટલા ભારતીયો વસી રહ્યા છે.જેમાં 8લાખ ગુજરાતીઓમાં 52% જેટલા ગુજરાતીઓ આફ્રિકા થી માઈગ્રેટ થયેલા છે.

કોરોના ના કપરાકાળ માં બ્રિટનમાં રહેતા લોકોએ ઘણું સહન કરવું પડ્યું છે પરંતુ ખમીરવંતા સાહસિક ગુજરાતીઓએ આફત ને અવસર માં ભેળવી દીધી હતી. આર્થિક સામાજિક પ્રશ્નોમાં અનેક મુશ્કેલીઓ પડવા છતાં ગુજરાતીઓમાં પોતાના વ્યવસાય અને નોકરીઓ સહજરીતે ટકાવી રાખ્યા હતા

શ્રી રોહિત વઢવાના, IFS એ શ્રી નટુભાઈ પટેલ અને કમિટિના સભ્યોનો આભાર માનતા જણાવ્યું હતું કે, બ્રીટનમાં વેક્સિનેશન મોટા પ્રમાણ માં થઇ ગયેલ છે, વિદ્યાર્થીઓ માટે ઉચ્ચ અભ્યાસ માટેની પણ ઘણી તકો ઉપલબ્ધ છે, તથા યુનિવર્સિટી દ્વારા counselling cell ચાલુ કરેલ છે. જાણીતા બિઝનેસ કન્સલ્ટન્ટ શ્રી સુનિલ પારેખ સાથેની પ્રશ્નોત્તરીમાં તેમને જણાવ્યું હતું કે, છેલ્લા 70 વર્ષો માંઅગાઉ ન થયેલ હોય તેવા સારા કામો બંને દેશો વચ્ચે થયેલ છે.ભારત અને યુ.કે. ના વિકાસ માટે મે મહિના માં ભારત અને બ્રિટન ના વડાપ્રધાને કરેલ વર્ચ્યુઅલ સમિટમાં information અને start up અંગેના કરાર થયેલ છે તે અંગે ની માહિતી આપેલ હતી.

બ્રિટન ના શ્રીમતી ક્રિષ્ના પુજારા એ જણાવ્યું હતું કે, બ્રિટન માં વસતા ગેરકાયદેસર લોકોને પણ કોઈ પ્રશ્નો કર્યા વગર વેક્સિનેશન કરાવ્યું હતું.ખાસ કરીને ભારત- યુકે. ના આર્થિક સબંધો વિષે માહિતી આપતા જણાવ્યું હતું કે, કોવીડ અને બ્રેક્ઝિટ પછી પણ બ્રિટન માં બિઝનેશ માટે પણ કોઈ સમસ્યા નથી એક

અહેવાલ મુજબ 2019 માં ભારત ની 840 કમ્પનીઓ કાર્યરત હતી જેને 1,05,000 નોકરીઓનું ઉપાર્જન કર્યું હતું અને 2020ના કોવીડ ના ગંભીર સંજોગો માં પણ 850કમ્પનીઓ નોંધાઈ હતી જેનાથી 1010નોકરીઓનું ઉપાર્જન કરવામાં આવ્યું હતું

શ્રી કાંતિભાઈ નાગડા એ જણાવ્યું હતું કે, કોવિડ સમય માં બ્રિટન માં છૂટાછેડાના, બેરોજગારી તથા સ્વૈચ્છીક સંગઠનો બંધ થતા સરકારે તેમને પોતાની હેઠળ લઈને ધંધા માટે લોન, વિઝા ફી માફી, જરૂરિયાત લોકોને ખાદ્ય સામગ્રી વગેરે જેવી મદદ આપી હતી.

આ "યુ. કે. માં કોરોના મહામારી બાદની પરિસ્થિતિ અંગેનો વેબિનાર" અંગે યોજાયેલ ઓનલાઇન વેબિનાર માં મોટા પ્રમાણ લોકો એ ભાગ લીધો હતો.

અંતમાં શ્રી દિગંતભાઈ સોમપુરા, ચેરમેન એ વિશેષ આભાર વ્યક્ત કર્યો હતો.

---

તંત્રીશ્રી / ચીફ રિપોર્ટર / વાણિજ્ય તંત્રીશ્રી / બ્યુરો ચીફ/ ન્યૂઝ એડિટર
ઉપરોક્ત અખબાર નોંધ આપણા અખબારમાં સમાવી લેવા વિનંતી

યોગેન્દ્રકુમાર ત્રિવેદી
સેક્રેટરી જનરલ